# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-05-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. ભુજમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહનું સંબોધન-કહ્યું આતંકવાદ સામે ભારતની લડાઈ હવે રાષ્ટ્રીય સંરક્ષણ સિદ્ધાંતનો ભાગ છે
2. રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં એક લાખ 30 હજાર જેટલા MSMEને 7 હજાર 864 કરોડ રૂપિયા કરતાં વધુની સહાય ચૂકવાઈ
3. દેશના ઇતિહાસમાં પ્રથમવાર રાજ્યમાં વ્યાજખોરોની મિલકત જપ્ત કરવામાં આવી-અંજાર પોલીસની કાર્યવાહી
4. કેન્દ્ર શાસિત પ્રદેશ દમણની ગુના શાખાએ 5 બાંગ્લાદેશી મહિલા નાગરિકોની ધરપકડ કરી
5. અમદાવાદના દાણીલીમડાની ફેક્ટરીમાં ગેસ ગળતરથી ત્રણ શ્રમિકના મોત
6. ખેલ મહાકુંભના ત્રીજા તબક્કામાં રાજ્યકક્ષાની તીરંદાજી સ્પર્ધામાં ડાંગ જિલ્લો પ્રથમ ક્રમે

--------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# RAJNATH BHUJ VISIT

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, આતંકવાદ સામે ભારતની લડાઈ હવે રાષ્ટ્રીય સંરક્ષણ સિદ્ધાંતનો ભાગ છે, ભારત આ હાઇબ્રિડ અને પ્રોક્સી યુદ્ધને જડમૂળથી ઉખાડી નાખશે. ભૂજ વાયુસેના મથક ખાતે જવાનોને સંબોધતા શ્રી સિંહે આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ- IMF ને પાકિસ્તાનને આપવામાં આવતી નાણાકીય સહાય પર પુનઃવિચાર કરવા જણાવ્યું હતું.

(બાઇટ: RAJNATH-SINGH—IMF)

તેમણે જણાવ્યું કે ઓપરેશન સિંદૂર હજુ પૂરું થયું નથી, આ કાર્યવાહી ફક્ત ટ્રેલર હતી, જરૂર પડશે તો અમે સંપૂર્ણ ચિત્ર બતાવીશું. તેમણે ઓપરેશન સિંદૂરમાં ભારતીય વાયુસેનાની ભૂમિકાની પ્રશંસા કરતાં કહ્યું, "જ્યારે દુશ્મનના પ્રદેશમાં મિસાઇલો છોડવામાં આવી, ત્યારે દુનિયાએ ભારતની વીરતા અને બહાદુરીનો પડઘો સાંભળ્યો.

ભુજ વાયુસેના મથકે જવાનોને મળ્યા બાદ શ્રી સિંહે વર્ષ 2001ના ભુજ ધરતીકંપમાં જીવ ગુમાવનારા લોકોની યાદમાં બનાવવામાં આવેલા સ્મૃતિવન ભૂકંપ સ્મારક સંગ્રહાલયની પણ મુલાકાત લીધી. શ્રી સિંહે જણાવ્યું, આ સંગ્રહાલય ફક્ત દેશનું જ નહીં પરંતુ વિશ્વનું પણ ગૌરવ છે.

(બાઇટ: રાજનાથસિંહ – સ્મૃતિ વન )

----------------

# MSME

રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં અંદાજે એક લાખ 30 હજાર જેટલા સૂક્ષ્મ, લઘુ, મધ્યમ ઉદ્યોગો-MSMEને 7 હજાર 864 કરોડ રૂપિયા કરતાં વધુની સહાય ચૂકવાઈ છે. 'ઝીરો ઇફેક્ટ ઝીરો ડિફેક્ટ'-ZED સર્ટિફિકેશનમાં ગુજરાત સમગ્ર દેશમાં મોખરે છે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ: મયુર સોલંકી )

*(રાજ્યમાં અંદાજે 89 હજાર કરતાં વધુ ZED-રજિસ્ટર્ડ MSME અને 59 હજાર કરતાં વધુ ZED-પ્રમાણિત MSME નોંધાયા છે. જે સમગ્ર દેશમાં સૌથી વધુ છે. રાજ્યમાં સ્થાનિક ઉદ્યોગોની ભાગીદારી વધારવા અને જાગૃતિ ફેલાવવા માટે 5 એપ્રિલથી 29 મે દરમિયાન તમામ જિલ્લાઓમાં 'ગુણવત્તા યાત્રા'નું આયોજન કરાયું. 18 જિલ્લાઓમાં આ યાત્રા સંપન્ન થઇ ચૂકી છે. વિલંબિત ચૂકવણી માટેના કેસોનો ઝડપી નિકાલ કરવા અને સ્થાનિક સ્તરે વિવાદ નિવારણ કરવા માટે રાજ્ય સરકારે વર્ષ 2023-24માં નવી પાંચ અને તાજેતરમાં કચ્છમાં છઠ્ઠી એમ કુલ છ પ્રાદેશિક સુક્ષ્મ, લઘુ ઉદ્યોગ સુવિધા પરિષદ-MSEFC કાઉન્સિલની સ્થાપના કરી છે. જેમાં એક હજાર 81 કેસોનો નિકાલ કરાયો છે.)*

-------------

# VYAAJKHORI

દેશના ઇતિહાસમાં પ્રથમવાર રાજ્યમાં વ્યાજખોરોની મિલ્કત જપ્ત કરવામાં આવી છે. કચ્છ જિલ્લાના અંજાર પોલીસે ત્રણ આરોપીઓએ વ્યાજખોરી દ્વારા મેળવેલી લગભગ 63 લાખ 46 હજાર રૂપિયાની મિલકત એટલે કે ચાર મકાન, બે પ્લોટ અને એક કાર સહિતની મિલકત જપ્ત કરી છે. આ કડક કાર્યવાહી બદલ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કચ્છ પૂર્વના પોલીસ અધિક્ષક તથા સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

(બાઇટ: હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી )

----------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# DAMAN BANGLADESHI

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણની ગુના શાખાએ 5 બાંગ્લાદેશી મહિલા નાગરિકોની ધરપકડ કરી છે. અમારા પ્રતિનિધિ પ્રદીપ ભાવસાર જણાવે છે કે પોલીસે બાતમીને આધારે દેવકા અને નાની દમણ વિસ્તારમાં તપાસ હાથ ધરતા દેવકામાંથી 2 અને નાની દમણમાંથી 3 બાંગ્લાદેશી મહિલા મળી આવી હતી. તેઓની પાસેથી બાંગ્લાદેશી નાગરિક હોવાના પુરાવા મળ્યા બાદ, પાંચેય મહિલાઓને બાંગ્લાદેશ મોકલવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

----------------

# AHMEDABAD DEATH

અમદાવાદના દાણીલીમડા શ્રમિક વિસ્તારની ફેક્ટરીમાં ગેસ ગળતરના કારણે ત્રણ શ્રમિકોના મોત થયા છે. દૂષિત પાણીના નિકાલની લાઈનમાં સાફ સફાઈ કરતાં ટાંકીમાં એક વ્યક્તિ પડી ગયો હતો જેને બચાવવા બીજા બે વ્યક્તિઓ પણ ટાંકીમાં પડ્યા હતા અને તે દરમિયાન ટાંકીમાં રહેલા કોઈ ગેસના કારણે ત્રણેય લોકો ગુંગળાઈ ગયા હતા. આ અંગે વધુ માહિતી આપતા ACP યુવરાજસિંહ ગોહીલે આ મુજબ જણાવ્યું.

(બાઇટ: યુવરાજસિંહ ગોહીલ, ACP, કે ડિવિઝન)

----------------

# GMERS - SOLA

GMERS સોલા-અમદાવાદના નિષ્ણાંતો દ્વારા 7 મહિનામાં રાજ્યના 1 હજાર 255 દર્દીઓને વર્ચ્યુઅલ માધ્યમથી સ્પીચ, હીયરીંગ એન્ડ લેન્ગવેજ થેરાપી આપવામાં આવી. ગ્રામ્ય વિસ્તારના દર્દીઓને નજીકના કેન્દ્રો ખાતે જ વિડીયો કોન્ફરન્સ દ્વારા સ્પીચ એન્ડ લેન્ગવેજ થેરાપી મળી રહે તે માટે ઓડીયોલોજી કોલેજ સોલા-અમદાવાદ ખાતે ટેલિ રીહેબીલીટેશન હબની શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત ડિસ્ટ્રિક્ટ અર્લી ઇન્ટરવેન્શન સેન્ટર (DEIC) દ્વારા રાજ્યમાં દાહોદ, કચ્છ, વેરાવળ, પોરબંદર, મહેસાણા, ગીર સોમનાથ, ગોધરા, સુરત, વડોદરા, નર્મદા, માણસા અને સાણંદ કેન્દ્રો કાર્યરત છે.

----------------

# AMIT SHAH GUJ VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલથી બે દિવસ રાજ્યના પ્રવાસે આવશે. સત્તાવાર માહિતી મુજબ, શ્રી શાહ આવતીકાલે ગાંધીનગરમાં 708 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેઓ સાંજે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાવોલ, 'ચ' રોડ પર નવનિર્મિત સેક્ટર 21 અને 22ને જોડતા અંડરબ્રિજ, પેથાપુરમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને કોલવડા તળાવનું લોકાર્પણ કરશે. શ્રી શાહ રવિવારે અમદાવાદ અને મહેસાણાના વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

તેઓ મહેસાણામાં શ્રીમતી એસ. સી અને શેઠ ડી એમ સાર્વજનિક ટ્રસ્ટ, ગોઝારિયા સંચાલિત શ્રી કે. કે. પટેલ અને શ્રીમતી મધુબેન કે. પટેલ નર્સિંગ મહાવિદ્યાલયના નવનિર્મિત મકાનનું ઉદ્ઘાટન કરશે. ઉપરાંત શ્રી શાહ મહેસાણામાં ઓડિસ્સાની ફાલ્કન ગૃપ ઑફ કંપની દ્વારા શરૂ કરાયેલા 'રેડી ટૂ કૂક ફ્રોઝન પોટેટો પ્રોસેસિંગ પ્લાન્ટ'નું લોકાર્પણ કરશે. ઉપરાંત શ્રી શાહ સાંજે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા નવનિર્મિત પલ્લવ ઓવરબ્રિજનું લોકાર્પણ કરશે. ત્યારબાદ તેઓ મહાનગરપાલિકાના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે.

----------------

## SURAT HARSH SANGHI-TIRANGA YATRA

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ તિરંગા યાત્રાને દેશની એકતા-દેશદાઝનું પ્રતિબિંબ ગણાવી. સુરતમાં ડુમસ કેનાલ Z રોડ ખાતે 21 કરોડ રૂપિયાથી વધુના વિકાસકામોનું લોકાર્પણ કરતાં શ્રી સંઘવીએ જણાવ્યું હતું કે, આપણી સેના વિશ્વની શ્રેષ્ઠ સેનાઓમાં સ્થાન ધરાવે છે. ઉપરાંત, આજે ભારતની એર ડિફેન્સ સિસ્ટમની તાકાતનો દુનિયાને પરિચય થયો છે.

----------------

## TIRANGA YATRA - ARVALLI

ઓપરેશન સિંદુર અંતર્ગત અરવલ્લી જિલ્લાના મોડાસામાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું. રાજકીય આગેવાનો, જિલ્લા વહીવટી તંત્ર અને વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા યોજાયેલ આ યાત્રામાં રાજ્યના અન્ન નાગરિક પુરવઠા મંત્રી ભીખુસિંહ પરમાર સહિત મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા.

----------------

# TIRANGA YATAR - HIMMATNAGAR

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં ઓપરેશન સિંદૂરની સફળતાની ઉજવણીના ભાગરૂપે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભારતીબેન પટેલે તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવી. જેમાં વિવિધ મહાનુભાવો સહિત નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

----------------

# DENGUE DAY

આજે ડેન્ગ્યુ દિવસની ઉજવણીના ભાગરૂપે સુરેન્દ્રનગરના લખતર તાલુકા આરોગ્ય અધિકારીના માર્ગદર્શનમાં વણા, તલસાણા, વિઠ્ઠલગઢ, ઢાંકી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તમામ પેટા કેન્દ્રો પર ઉપસ્થિત આરોગ્યની ટીમ દ્વારા ડેન્ગ્યુ નિવારણ અને નિયંત્રણ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

----------------

# KHEL MAHAKUMBH

ખેલ મહાકુંભના ત્રીજા તબક્કા અંતર્ગત રાજ્ય કક્ષાની તિરંદાજી સ્પર્ધામાં ડાંગ જિલ્લાના ખેલાડીઓએ સૌથી વધુ ચંદ્રક મેળવતા ડાંગ જિલ્લો પ્રથમ ક્રમાંકે આવ્યો છે. સાપુતારા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં ડાંગના 14 વર્ષથી નીચેના વયજૂથમાં 4 ચંદ્રક, 17 વર્ષથી નીચેના વયજૂથમાં 10 ચંદ્રક અને ઓપન વયજૂથમાં 2 ચંદ્રક સાથે ડાંગ જિલ્લાના ખેલાડીઓએ કુલ 16 ચંદ્રક મેળવ્યાં હતાં.

જ્યારે આ જ સ્પર્ધામાં છોટાઉદેપુર જિલ્લાની ટીમે 12 ચંદ્રક જીત્યા હતા. જેમાં એક સુવર્ણ બે રજત અને બે કાંસ્ય ચંદ્રકનો સમાવેશ થાય છે.

----------------

# WEATHER

હવામાન વિભાગે રાજ્યના કેટલાક ભાગોમાં આવતીકાલે કમોસમી વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરી છે. જે મુજબ આવતીકાલે અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહિસાગર, છોટા ઉદેપુર, નર્મદા, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણ, દાદરા નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદની આગાહી છે. જ્યારે સૌરાષ્ટ્રના રાજકોટ, અમરેલી અને ભાવનગરમાં હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે.

----------------